# લિબર્ટી પેપરસેટ

## ધોરણ 10 : સામાજિક વિજ્ઞાન

**Full Solution**

**સમય : 3 કલાક** **અસાઈનમેન્ટ પ્રશ્નપત્ર 1**

### વિભાગ A

**1.** (E) , **2.** (F) , **3.** (B) , **4.** (C) , **5.** (D) , **6.** ✓ ( સાચું ) , **7.** × ( ખોટું ) , **8.** × ( ખોટું ) , **9.** × ( ખોટું ) , **10.** ✓ ( સાચું ) , **11.** (C) ભોપાલ , **12.** (A) ઈ.સ. 1952 , **13.** (B) નદીઓ , **14.** (B) કાવેરી , **15.** (A) દ્રુતગતિ , **16.** (A) (1 - C), (2 - D), (3 - A), (4 - B), **17.** (D) નાગાર્જૂન સાગર , નર્મદા , ચંબલ , ભાખરા નાંગલ **18.** (A) 84% **19.** (D) નિયોજન **20.** (A) બજાર પદ્ધતિ **21.** ભારતને કુલ 7516 કિલોમીટર દરિયાકિનારો મળેલ છે. **22.** ગુજરાતનું પોરબંદર બારેમાસ ખુલ્લું રહેતું બંદર છે. **23.** વિકાસશીલ રાષ્ટ્રોની મુખ્ય આર્થિક પ્રવૃત્તિ ખેતી છે. **24.** શિક્ષણ, બેન્કિંગ, વીમા કંપનીઓ વગેરેની કામગીરીનો સમાવેશ સેવા ક્ષેત્રમાં થાય છે.

## વિભાગ B

➢ **નીચે આપેલા પ્રશ્નોના માગ્યા મુજબ ઉત્તર આપો : (દરેક પ્રશ્નના ૨ ગુણ)**

33. સીસાની ધાતુના મુખ્ય ઉપયોગો કયા છે ?

➡ સીસાની ધાતુનો ઉપયોગ મિશ્રધાતુ બનાવવા, વીજળીના તાર, રંગ, શસ્ત્રો, કાચ, રબર અને સ્ટોરેજ બેટરીની બનાવટમાં થાય છે.

25. ગુજરાતમાં ઉજવાતા ઉત્સવોની માહિતી આપો.

➡ ગુજરાતમાં પતંગોત્સવ, કાંકરિયા કાર્નિવલ (અમદાવાદ), તાનારીરી મહોત્સવ (વડનગર), ઉત્તરાર્ધ નૃત્ય મહોત્સવ (મોઢેરા), રણોત્સવ (કચ્છ) વગેરે ઉત્સવો ઉજવવામાં આવે છે.

26. ભારતમાં એક ''સમન્વયી સંસ્કૃતિનું સર્જન થયું'' આ વિધાન સમજાવો.

➡ નેગ્રીટો, ઓસ્ટ્રેલોઇડ, દ્રવિડ, મોંગોલોઇડ, આર્મેનોઇડ, ડિનારિક, આલ્પાઇન, અને આર્યો દ્વારા ભારતીય ભૂમિ પર લાંબા સમયગાળાના વસવાટ થકી સંસ્કૃતિનો સમન્વય થયો.

➡ જેમ કે, આ પ્રજાઓએ સંસ્કૃતિનાં વિશિષ્ટ તત્ત્વો અપનાવી લઈ એક સમન્વયી અને ભાતીગળ સંસ્કૃતિનું નિર્માણ કર્યું.

➡ સમયાંતરે ભારતમાં આવીને વસેલી આ બધી જાતિઓ વચ્ચે લગ્નસંબંધો ઉપરાંત આર્થિક, સામાજિક અને આધ્યાત્મિક બાબતોમાં આદાન-પ્રદાન થતું ગયું.

➡ રહેણીકરણી, ભાષા, વિચારો, ધાર્મિક માન્યતાઓનો પણ સમન્વય થયો.

➡ આમ, ભારતનો સાંસ્કૃતિક વારસો વૈવિધ્યપૂર્ણ અને ભાતીગળ બન્યો.

➡ ભારતમાં એક ''સમન્વયી સંસ્કૃતિનું સર્જન થયું.''

27. કથકલી નૃત્ય વિશે સમજૂતી આપો.

➡ 'કથન કરે સો કથક કહાવે' વાક્ય પરથી કથક ઊતરી આવ્યું છે.

➡ શ્રીકૃષ્ણ અને ગોપીઓ સાથેના નૃત્યની કથાઓ પર આધારિત વૈષ્ણવ સંપ્રદાયની શૃંગારભક્તિ સાથે ઉત્તર ભારતમાં વધુ વિકાસ થયો છે.

➡ આ નૃત્યમાં એક પગ પર ગોળ ગોળ ફરવું અને નૃત્યના પ્રસંગો પ્રદર્શિત કરવામાં આવે છે.

➡ આ નૃત્યમાં સ્ત્રીઓ ચૂડીદાર પાયજામો અને ઉપર ઘેરવાળા વસ્ત્ર પહેરે છે.

➡ પંડિત બિરજુ મહારાજ, સિતારાદેવી અને કુમુદિની લાખિયાએ આ કલાને જીવંત રાખી છે.

28. રાજસ્થાનનું બિકાનેર જડતરકામ માટે જાણીતું છે. આ વિધાન સમજાવો.

➡ જડતરકામની કલા ભારતની એક પ્રાચીન કલા છે.

➡ સોના-ચાંદીનાં આભૂષણોમાં હીરા, મોતી-માણેક જેવાં કિંમતી રત્નો જડવાની કળાને જડતરકલા કહેવાય છે.

➡ ભારતમાં રાજાઓ, સમ્રાટો તથા અન્ય શાસકો, ઉપરાંત શ્રીમંત વર્ગના લોકો જડતરકામના અલંકારો ધારણ કરતાં આવ્યા છે.

➡ ભારતમાં મુખ્યત્વે જડતરકલા હાર, બાજુબંધ કડાં, મુગટ દામણી, વીંટી, નથણી, કાપ વગેરે આભૂષણોમાં જોવા મળે છે.

➡ બધા જ અલંકારમાં જડતરનાં આભૂષણો વધારે કિંમતી છે.

➡ જડતરકલાની નિપુણતા ધરાવતાં રાજસ્થાનના બિકાનેરના કારીગરો જડતરકામ માટે જાણીતા છે.

➡ રાજસ્થાનનું બિકાનેર જડતરકામ માટે જાણીતું છે.

29. એલિફન્ટાની ગુફાઓ વિશે માહિતી આપો.

➡ એલિફન્ટાની ગુફાઓ મહારાષ્ટ્રના મુંબઈથી 12 કિમી દૂર અરબ સાગરમાં એક દ્વીપ પર આવેલી છે, જ્યાં કુલ 7 ગુફાઓ છે.

➡ આ સ્થળનું એલિફન્ટા નામ પોર્ટુગીઝોએ આપ્યું. એમણે એલિફન્ટા નામ અહીં પથ્થરમાંથી કોતરેલા હાથીના શિલ્પના કારણે આપ્યું છે.

➡ અહીંની ગુફામાં અનેક સુંદર શિલ્પકૃતિઓ કંડારાઈ છે. જેમાં ત્રિમૂર્તિ નામની ભવ્યમૂર્તિની ગણના દુનિયાની સર્વોત્તમ મૂર્તિઓમાં થાય છે, જે ગુફા નંબર 1માં આવેલી છે. (ત્રિમૂર્તિ = બ્રહ્મા, વિષ્ણુ અને મહેશની મૂર્તિ)

➡ આ સ્થળને સ્થાનિક માછીમારો ઘારાપુરી તરીકે ઓળખાવતા હતા.

➡ ઈ.સ. 1987માં યુનેસ્કો દ્વારા વૈશ્વિક વારસાનાં સ્થળોમાં એલિફન્ટાને સ્થાન આપવામાં આવ્યું છે.

Liberty

30. ‘‘સ્વર્ગના બગીચામાં પવિત્ર દિલોનું સ્વાગત છે.’’ આ વિધાન સમજાવો.

➡ તાજમહાલ, એ ઉત્તર પ્રદેશના આગ્રા ખાતે યમુના નદીના કિનારે આવેલ છે.

➡ વિશ્વની સાત અજાયબીઓમાં સ્થાન ધરાવતા તાજમહાલનું નિર્માણ મુગલ શાસક શાહજહાંએ પોતાની બેગમ મુમતાજ મહલની યાદમાં કરાવ્યું હતું.

➡ ઈ.સ. 1630માં મુમતાજનું અવસાન થતાં 1631માં તાજમહાલ બાંધકામની શરૂઆત થઈ અને 22 વર્ષ બાદ ઈ.સ. 1653માં તાજમહાલનું કાર્ય પૂર્ણ થયું.

➡ શાહજહાંએ તાજમહાલ નિર્માણમાં ભારતના કુશળ શિલ્પીઓ ઉપરાંત ઈરાની, અરબી, તુર્કી અને યુરોપિયન શિલ્પીઓને રોક્યા હતા.

➡ વિશ્વના અદ્વિતીય મકબરાઓમાં તાજમહાલની ગણના થાય છે.

➡ તાજમહાલની સંપૂર્ણ ઇમારત ઉત્તરથી દક્ષિણ તરફ લંબચોરસ આકારે વિસ્તરેલી છે. તાજમહાલની મધ્યમાં મુમતાજની કબર છે અને તેની ચારે બાજુ ખૂબ જ સુંદર અષ્ટકોણીય જાળી આવેલી છે.

➡ તાજમહાલ ભારતીય સ્થાપત્યકલાના વારસાને ગૌરવાન્વિત કરે છે અને દેશ-વિદેશના પ્રવાસીઓ માટે તાજમહાલ આકર્ષણનું કેન્દ્ર બની રહ્યો છે.

➡ તાજમહાલના મહેરાબ પર એક ઉક્તિ લખેલી છે. ‘‘સ્વર્ગના બગીચામાં પવિત્ર દિલોનું સ્વાગત છે.’’

31. વનસંરક્ષણના ઉપાયો જણાવો.

➡ સૌપ્રથમ તો આપણે વન્યજીવો અને જંગલો માટે આપણી માનસિકતા અને દૃષ્ટિકોણ બદલવાની જરૂર છે.

➡ આપણે લાકડાંના ઉપયોગના વિકલ્પો શોધવા જોઈએ, જેથી કરી જંગલો પરનું દબાણ ઘટતાં તેનો વિનાશ અટકશે.

➡ જ્યાં જરૂરિયાત કે નિર્માણકાર્ય માટે જે વૃક્ષો અનિવાર્યપણે કાપવાં પડે તો તેની જગ્યાએ એ જ પ્રજાતિનાં નવાં વૃક્ષો ઉછેરવા જોઈએ.

➡ અપરિપક્વ વૃક્ષોના કાપવા પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવો જોઈએ.

➡ જે ઉદ્યોગો જંગલોમાંથી કાચો માલ મેળવે છે. તેને ભવિષ્યની જરૂરિયાત સંદર્ભે વનીકરણ માટે ફરજ પાડવી જોઈએ.

➡ ઇકો-ટુરિઝમના નામે જંગલની સ્થિતિ ન જોખમાય તે માટે કડક રીતે નિયમન કરવું.

➡ શાળા-કોલેજો અને સ્થાનિક લોકોમાં વનસંરક્ષણ માટે લોકજાગૃતિ કેળવવી.

➡ ઘાસચારો અને બળતણ માટેની જરૂરિયાત માટે સામાજિક વનીકરણ અને કૃષિવનીકરણ માટે પ્રોત્સાહક પગલાં ભરી જંગલોને સઘનપણે વિસ્તારવાં જોઈએ.

➡ બળતણની જરૂરિયાતમાં લાકડાની સાથે કુદરતી ગેસ અથવા સૌરઊર્જા, બાયોઊર્જાનો ઉપયોગ વિકલ્પ તરીકે કરવો.

➡ દાવાનળથી જંગલોને નુકસાન ન થાય તેના માટે અલાયદા તંત્રની રચના કરવી.

➡ કીટકોથી ક્ષતિગ્રસ્ત થયેલાં વૃક્ષોને દૂર કરવાથી અન્ય તંદુરસ્ત વૃક્ષોના વિકાસની પ્રક્રિયા ઝડપી બને છે.

➡ જંગલ ક્ષેત્રોમાં આવેલાં ધાર્મિક આસ્થાનાં કેન્દ્રોમાં ભરાતા મેળાવડાઓથી પ્રદૂષણ ન થાય, જંગલો દૂષિત ન બને તેની કાળજી લેવી જોઈએ.

➡ પશુચરાણ માટે અલાયદા વિસ્તારો રાખવા જોઈએ.

32. પારિભાષિક શબ્દોનો અર્થ આપો.
(1) સૌરઊર્જા (2) ભરતી શક્તિ

➡ (1) સૌર-ઊર્જા : સૂર્ય પૃથ્વી પરની ઊર્જાનો મુખ્ય સ્રોત છે, સૂર્યમાંથી આપણને ગરમી અને પ્રકાશ પ્રાપ્ત થાય છે, સૂર્યના કિરણોમાં રહેલી ઊર્જાને સૌરઊર્જા કહે છે, સૂર્યમાંથી ઉત્સર્જિત થતી ઊર્જાને સૌરઊર્જા કહે છે.

➡ (2) ભરતી શક્તિ : સૂર્ય અને ચંદ્રના ગુરુત્વાકર્ષણના કારણે પૃથ્વીની સપાટી પરના મોટાભાગના સમુદ્રોમાં ભરતીઓટની પ્રક્રિયા સતત ચાલતી રહે છે. ભરતી દ્વારા ઉત્પન્ન થતી ઊર્જાને ભરતી ઊર્જા કહે છે.

35. ઇલેક્ટ્રોનિક્સ ઉદ્યોગ વિશે સમજાવો.

➡ ભારતમાં ઇલેક્ટ્રોનિક્સ ઉદ્યોગનો ખૂબ જ સારો વિકાસ થયો છે.

➡ ભારતમાં રેડિયો સેટ તથા ટેલીફોન ઉદ્યોગની સ્થાપના 1905માં થઈ.

➡ બેંગલુરુમાં સ્થપાયેલ ભારત ઇલેક્ટ્રોનિક્સ લિમિટેડ (BEL)નો હેતુ સેના, આકાશવાણી, હવામાન વિભાગના ઉપકરણો બનાવવાનો હતો.

➡ ભારત ઇલેક્ટ્રોનિક્સ લિમિટેડ ઇન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઇઝેશન (ISRO) સાથે સહયોગ કરી ઘણાં જ ઇલેક્ટ્રોનિક ઉપકરણોનું નિર્માણ કરે છે.

➡ ઇલેક્ટ્રોનિક્સ ઉદ્યોગો સામાન્ય લોકોના જીવનમાં તથા દેશના અર્થતંત્ર અને લોકોની જીવનશૈલીમાં ઘણું જ પરિવર્તન કર્યું છે.

➡ ભારતે કમ્પ્યૂટર હાર્ડવેર તથા સોફ્ટવેર ક્ષેત્રે અભૂતપૂર્વ પ્રગતિ કરેલ છે.

➡ બેંગલુરુને કમ્પ્યૂટર ઉદ્યોગની રાજધાની બનાવ્યું છે.

➡ બેંગલુરુ ભારતની સિલિકોન વેલી કહેવાય છે.

➡ ઇલેક્ટ્રોનિક ઉદ્યોગના વિકાસ માટે સોફ્ટવેર પાર્ક, વિજ્ઞાન પાર્ક તથા પ્રોદ્યોગિકી પાર્ક બનાવવામાં આવ્યા છે.

➡ ભારતમાં ઇલેક્ટ્રોનિક ઉદ્યોગનું ભાવી આશાસ્પદ છે.

36. આતંકવાદની આર્થિક અસરો વર્ણવો.

➥ આતંકવાદ, એ એક વૈશ્વિક સમસ્યા છે. જેની વિવિધ ક્ષેત્રો પર વ્યાપક અને લાંબા ગાળાની આર્થિક અને સામાજિક અસરો પડે છે.

➥ આર્થિક અસરો :

(1) આતંકવાદને પરિણામે લોકોમાં ભયનું વાતાવરણ ઊભું થતાં ઉદ્યોગના વિકાસ માટે પ્રોત્સાહક વાતાવરણ નિર્માણ પામતું નથી. આતંકવાદ પ્રભાવિત પ્રદેશનો વેપાર-ઉદ્યોગનો વિકાસ અટકી જાય છે.

(2) વેપાર-ઉદ્યોગોને માઠી અસર થતાં લોકોને અન્ય પ્રદેશમાં વેપાર-રોજગાર માટે સ્થળાંતર કરવું પડે છે.

(3) ક્યારેક આતંકવાદીઓ ભય અને ધમકી આપીને ઉદ્યોગપતિઓ, કર્મચારીઓ, વેપારીઓ પાસે નાણાં પડાવે છે.

(4) આતંકવાદીઓ માદક દ્રવ્યો અને કાળાં નાણાંની હેરાફેરી જેવી અસામાજિક પ્રવૃત્તિઓ કરે છે. જેના કારણે દેશમાં આર્થિક-સામાજિક સમસ્યાઓ ઉત્પન્ન થાય છે.

(5) આતંકવાદીઓ રેલવે, રેડિયો સ્ટેશનો, રસ્તા, પુલ, બંધો, સરકારી મિલકતોને નુકસાન પહોંચાડે છે. તેથી આવી મિલકતોના પુનર્નિર્માણ માટે કરોડો રૂપિયા ખર્ચ કરવા પડે છે.

(6) આતંકવાદને અટકાવવા તથા સરકારી સલામતી અને સુરક્ષા માટે કરોડો રૂપિયા સંરક્ષણક્ષેત્રે ખર્ચ કરવા પડે છે. જેના કારણે સામાજિક વિકાસનાં કાર્યો પ્રમાણમાં ઓછાં થાય છે. વિકાસ અટકે છે.

(7) આતંકવાદના પરિણામે રાજ્ય કે રાષ્ટ્રના પરિવહન ઉદ્યોગ, પર્યટન ઉદ્યોગને આર્થિક નુકસાન સહન કરવું પડે છે.

➥ આમ, આતંકવાદ સામાજિક અને આર્થિક એમ બંને રીતે નુકસાનકારક છે. તેથી તેનું કાયમી નિરાકરણ લાવવું આવશ્યક છે.

37. અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિનાં કલ્યાણ અને વિકાસ માટે બંધારણીય જોગવાઈઓનો પરિચય આપો.

➥ (A) સામાન્ય જોગવાઈઓ

(1) બંધારણીય આર્ટિકલ 15 પ્રમાણેની જોગવાઈઓ :

- કોઈ પણ વ્યક્તિ પર ધર્મ, જાતિ, જ્ઞાતિ, જન્મસ્થાન કે તેમાંની કોઈ પણ બાબતોને કારણે ભેદભાવ કરવા પર પ્રતિબંધ મૂકે છે.
- આ કલમમાં એવું જણાવવામાં આવ્યું છે કે –
- (i) દુકાન, જાહેર રેસ્ટોરાં, હોટેલો, જાહેર મનોરંજન જેવાં સ્થળોમાં પ્રવેશ મેળવવા પર પ્રતિબંધ નહીં હોય.
- (ii) કૂવા, તળાવ, સ્નાન માટેના ઘાટ, રસ્તાઓ, સર્વાંગ અથવા અંશતઃ રાજ્ય તરફથી નિભાવવા અથવા જાહેર જનતાના ઉપયોગ માટે અર્પણ કરાયેલાં સ્થાનોના ઉપયોગ અંગે કોઈ પણ નાગરિક પર કોઈ પણ પ્રકારે ગેરલાયક, નિયંત્રણ કે શરતો લાદી શકશે નહીં.
- (2) આર્ટિકલ 29 પ્રમાણે :
- ભારતના કોઈ પણ ભાગમાં વસતાં કોઈ પણ નાગરિકો જો કોઈ વિશિષ્ટ ભાષા, લિપિ કે પોતાની સંસ્કૃતિ ધરાવતા હશે તો તેને સાચવવાનો એમને અધિકાર રહેશે.
- કેવળ ધર્મ, જાતિ, ભાષા કે તેમાંના કોઈ પણના આધારે રાજ્ય તરફથી નિભાવાતી અથવા નાણાકીય સહાયથી ચાલતી શિક્ષણની કોઈ પણ સંસ્થામાં કોઈ પણ નાગરિકને પ્રવેશ મેળવતા અટકાવી શકાય નહીં.

➥ (B) ખાસ જોગવાઈઓ

- કલમ 46 મુજબ આ પ્રજાની કેળવણી અને આર્થિક લાભો જળવાય તે માટે રાજ્ય સરકાર પ્રયાસ કરશે, તેમજ સામાજિક અન્યાય કે શોષણ સામે રક્ષણ આપશે.
- આર્ટિકલ 16(4) મુજબ સરકારી નોકરીઓમાં આ વર્ગો માટે કેટલીક જગ્યાઓ અનામત રાખવામાં આવે છે.
- કલમ 330, 332, 334 મુજબ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ, વિધાનસભા અને લોકસભામાં પ્રતિનિધિત્વ માટે સીટો અનામત રાખવામાં આવે છે.
- આ ઉપરાંત જુદી જુદી પંચવર્ષીય યોજનાઓમાં નબળા વર્ગો માટે વિશિષ્ટ જોગવાઈઓ કરવામાં આવી છે. જેમ કે –
- આ વર્ગો માટે છાત્રાલયોની રચના, શિષ્યવૃત્તિની યોજના અને વિવિધ પ્રતિયોગ્યતા કસોટી માટે તાલીમ અને માર્ગદર્શન વર્ગો શરૂ કરવામાં આવ્યા છે.
- શૈક્ષણિક વિકાસ માટે આશ્રમશાળાઓ શરૂ કરવામાં આવી છે.
- સરકારી નોકરીમાં આ જાતિના ઉમેદવારો માટે ઉંમર, ફી, લાયકાતનાં ધારાધોરણમાં કેટલીક છૂટછાટ આપવામાં આવી છે.
- ડો. બાબાસાહેબ આંબેડકર સંસ્થા દ્વારા જેમણે નબળા- વર્ગોના ઉદ્ધાર, પરિવર્તન, ક્ષમતા, ન્યાય અને માનવ- ગરિમા કે સામાજિક સમજક્ષેત્રે ઉત્કૃષ્ટ કાર્ય કરનાર વ્યક્તિ કે સંસ્થાને ડો. આંબેડકર રાષ્ટ્રીય પુરસ્કાર આપવામાં આવે છે.
- આ જાતિઓના કલ્યાણ અને વિકાસ અર્થે રાજ્યમાં અલગ વિભાગ તેમજ કેન્દ્રમાં વિશિષ્ટ અધિકારીની નિમણૂક કરવામાં આવે છે. તેમજ રાષ્ટ્રીય આયોગની રચના કરવામાં આવે છે.
- આજદિન સુધી આ વર્ગો માટે આવી અનેક યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે.

## વિભાગ C

➢ **નીચે આપેલા પ્રશ્નોના માગ્યા મુજબ ઉત્તર આપો : (દરેક પ્રશ્નના 3 ગુણ)**

38. નીચેનું ચિત્ર જોઈને સવાલોના જવાબ આપો.

Liberty



(1) આપેલ ચિત્ર કયા સ્થાપત્યનું છે ?

(2) આ સ્થાપત્ય કયા રાજ્યમાં આવેલું છે.

(3) તેનું બાંધકામ કયા સ્વરૂપે થયેલું છે ?

➡ (1) આપેલ ચિત્ર કોણાર્કના સૂર્યમંદિરનું છે.

(2) આ સ્થાપત્ય ઓડિશા રાજ્યમાં આવેલું છે.

(3) તેનું બાંધકામ રથમંદિર સ્વરૂપે થયેલું છે.

39. સારનાથના સ્તંભનો પરિચય આપો.

➡ સમ્રાટ અશોકના ધર્મજ્ઞાઓ કોતરેલા સ્તંભલેખો સ્થાપત્યના ઉત્તમ નમૂના છે.

➡ સારનાથનો સ્તંભ શિલ્પકલાનો શ્રેષ્ઠ નમૂનો છે.

➡ સારનાથ ભગવાન બુદ્ધના ઉપદેશનું સ્થાન છે.

➡ આ સ્તંભની ટોચ ઉપર પરસ્પર અડકીને ઉભેલા ચાર સિંહોની આકૃતિ છે.

➡ સિંહોની નીચે ચારે બાજુ ચાર ધર્મચક્રો અંકિત કરેલ છે. જે ધર્મનો વિજય બતાવતા હોવાથી ધર્મચક્રો કહેવાય છે.

➡ પ્રજાસતાક ભારતના રાષ્ટ્રધ્વજમાં ધર્મચક્રને સ્થાન આપવામાં આવ્યું છે.

➡ તદ્ઉપરાંત હાથી, ઘોડા અને બળદની શિલ્પકૃતિઓ છે.

➡ ચાર સિંહોની આકૃતિને ભારતના રાષ્ટ્રીય ચિહ્ન તરીકે સ્થાન આપવામાં આવેલ છે.

➡ સારનાથનો સ્તંભ વિશ્વની સર્વાતમ શિલ્પકૃતિ પૈકીનો એક શ્રેષ્ઠ નમૂનો છે.

40. વલભી વિદ્યાપીઠ વિશે માહિતી આપો.

➡ ઈસવી સનના સાતમા શતકમા વલભી એ ગુજરાતનું પ્રસિદ્ધ શિક્ષણકેન્દ્ર હતું.

➡ વલભીને વિશાળ અને પ્રસિદ્ધ વિદ્યાધામ બનાવવામાં મૈત્રકવંશના તત્કાલીન શાસકો અને નાગરિકોનો મોટો ફાળો છે.

➡ 7મી સદીમાં વલભી ખાતે ભિખ્ખુ વિદ્યાર્થીઓ રહેતા હતા અને બૌદ્ધ ધર્મના હીનયાન પંથનું કેન્દ્ર હતું.

➡ સાતમા શતકની મધ્યમાં પ્રસિદ્ધ વિદ્વાનો સ્થિરમતિ અને ગુણમતિ વલભીના અગ્રણી આચાર્યો હતા.

➡ ગંગા-યમુના જેવા દૂરના મેદાની વિસ્તારોમાંથી વિદ્યાર્થીઓ ઉચ્ચ વિદ્યાભ્યાસ માટે વલભી આવતા હતા.

➡ વલભી એ એક રાજધાની અને આંતરરાષ્ટ્રીય બંદર હતું. અને વલભીના શાસકો પણ વિદ્યા અને વિદ્યાપીઠના મહાન આશ્રયદાતાઓ હતા. જોકે મૈત્રકવંશના રાજવીઓ બૌદ્ધધર્મી ન હતા, પણ સનાતની હતા. છતાં આ સંસ્થાને મદદ કરતા હતા.

➡ ચીની પ્રવાસી ઈત્સિંગે નોંધ્યું છે કે, વલભી એ પૂર્વભારતની પ્રસિદ્ધ શિક્ષણસંસ્થા નાલંદા સાથે સ્પર્ધા કરતી હતી.

➡ ઈ.સ. 775માં આરબોએ આક્રમણ કર્યુ અને મૈત્રકો પરાજિત થયા અને વિદ્યાપીઠ બંધ પડી.

➡ અહીં પ્રસિદ્ધ વિદ્વાનોનાં નામ દરવાજા પર લખવામાં આવતાં.

➡ આ વિદ્યાપીઠો જ્ઞાનની આરાધના અને વિશિષ્ટ પ્રકારની શિક્ષણપ્રણાલીને કારણે વિશ્વભરમાં પ્રસિદ્ધ હતી.

41. ભૂમિ સંરક્ષણના ઉપાયો જણાવો.

➡ ભૂમિ-સરંક્ષણ એટલે જમીનનું ધોવાણ અટકાવીને જમીનની ગુણવત્તા જાળવી રાખવી.

➡ જમીન સંરક્ષણનો સીધો સંબંધ માટીકણોને પોતાની મૂળ જગ્યાએ જાળવી રાખવા સાથે છે.

➡ ભૂમિ-સંરક્ષણના ઉપાયો :

- જંગલોના આચ્છાદનને કારણે તેનાં મૂળ જમીનકણોને જકડી રાખે છે. નદી-કોતરો અને પહાડી ઢોળાવોના ધોવાણ અટકાવવા વૃક્ષારોપણ કરવું.
- રણની નજીકનાં ક્ષેત્રોમાં વાતા પવનોને રોકવા વૃક્ષોની હારમાળા ઉગાડવી જે રણવૃદ્ધિ અટકાવશે.
- નદીઓના પૂરને અન્ય નદીઓમાં વાળીને કે સૂકી નદીઓમાં વહાવીને અંકુશમાં લેવાં જોઈએ.
- અનિયંત્રિત ચરાણથી પહાડોની જમીનનું સ્તર ઢીલું પડે છે તેને અટકાવવું જોઈએ.

- ક્ષિતિજ સમાંતર ખેડ, સીડીદાર ખેતપદ્ધતિ અપનાવવી જોઈએ.
- ફળદ્રુપતા ગુમાવી બેઠેલી જમીનમાં પુનઃસેન્દ્રિય પદાર્થોનું ઉમેરણ કરવું જોઈએ.
- જમીનનું સંરક્ષણ એ આજના સમયની તાતી જરૂરિયાત છે, તેના સંરક્ષણ માટે સરકાર, સમાજના લોકોએ સહિયારો પ્રયાસ કરવો જોઈએ.


42. રણ પ્રકારની જમીન ઓછી ફળદ્રુપતા ધરાવે છે. કારણ આપો.

- રણપ્રકારની જમીન સૂકી અને અર્ધસૂકી આબોહવાવાળી પરિસ્થિતિમાં જોવા મળે છે. રણપ્રકારની જમીન રેતાળ હોય છે. તેમાં ક્ષારતત્ત્વોનું પ્રમાણ વધુ હોય છે.
- આ પ્રકારની જમીન રાજસ્થાન, હરિયાણા, દક્ષિણ પંજાબના વિસ્તારો તથા ગુજરાતમાં કચ્છ, ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારોમાં જોવા મળે છે.
- સિંચાઈની સુવિધાઓથી તેમાં બાજરી, જુવારનો પાક લેવાય છે.
- રણ પ્રકારની જમીન ઓછી ફળદ્રુપતા ધરાવે છે.

43. વૈશ્વિકરણ વિશે ટૂંક નોંધ લખો :

- વૈશ્વિકીકરણ એટલે દેશના અર્થતંત્રને વિશ્વના અર્થતંત્ર સાથે જોડવાની પ્રક્રિયા, કે જેના પરિણામે વૈશ્વિક સ્તરે ચીજવસ્તુ અને સેવાઓનો વેપાર વધે.
- લાભો :
  - વૈશ્વિકીકરણના પરિણામે દેશમાં વિદેશી મૂડીરોકાણને પ્રોત્સાહન મળે છે.
  - વિકસિત દેશોમાં ઉત્પન્ન થતી વસ્તુઓ સરળતાથી પ્રાપ્ત થાય છે.
  - ભારત જેવા દેશો આંતરરાષ્ટ્રીય હરીફાઈમાં ટકી રહેવાની શક્તિ પ્રાપ્ત કરે છે.
- ગેરલાભો :
  - વૈશ્વિકીકરણથી ગરીબી અને બેરોજગારી દૂર કરવામાં ધારી સફળતા મળી નથી.
  - દેશને નિકાસવૃદ્ધિ દ્વારા જેટલો લાભ મળવો જોઈએ તેટલો પ્રાપ્ત થઈ શકતો નથી.
  - વૈશ્વિકીકરણનો લાભ મોટા ઉદ્યોગોને વધુ જ્યારે નાના ઉદ્યોગોને ઓછો થયો.

44. નીચે આપેલાં ચિત્રોને ઓળખી તેનાં પૂરાં નામ લખો.




- (1) ISI – Indian Standard Institute

  (2) FPO – Food Prodduct Order

  (3) MPO – Meat Processing Optimiser

45. ભાવવૃદ્ધિનાં કારણોની વિગતે ચર્ચા કરો.

- ભાવવૃદ્ધિ માટે મુખ્યત્વે બે પરિબળો જવાબદાર છે :

  (1) ચીજવસ્તુ કે સેવાઓના કુલ ઉત્પાદન અને પુરવઠામાં તાત્કાલિક વધારો ન થવાથી ભાવ વધે છે.

  (2) દેશની કુલ માંગમાં તીવ્રપણે વધારો થવાના કારણે ભાવમાં સતત વધારો થાય છે.
- ભાવવૃદ્ધિનાં કારણો :

  (1) નાણાંના પુરવઠામાં વધારો :
- અર્થતંત્રમાં નાણાંનો પુરવઠો વધે, લોકો પાસે આવક વધે, ખરીદશક્તિ વધે, ચીજવસ્તુઓ અને સેવાઓની અસરકારક માગ વધે, પરંતુ તેની સામે કુલ પુરવઠામાં વધારો ન થાય તો તેથી ભાવવૃદ્ધિ થાય છે.
- સરકારના બિનયોજનાકીય ખર્ચથી બજારમાં નાણાંના પુરવઠામાં થતો વધારો ભાવવૃદ્ધિનું મુખ્ય કારણ છે.

  (2) વસ્તીવધારો :
- દેશની કુલ વસ્તીમાં થયેલો ઝડપી વધારો, ચીજવસ્તુઓ કે સેવાઓની માગમાં વધારો કરીને માંગ-પુરવઠાની સ્થિતિનું અસંતુલન વધારે છે. વસ્તુની અછત સર્જાતા, ભાવવધારો જન્મે છે.

  (3) નિકાસમાં વધારો :
- નિકાસમાં વધારો થતાં સ્થાનિક કે આંતરિક બજારમાં પુરવઠો ઘટે છે. અછત સર્જાય છે, તેથી ભાવવૃદ્ધિ થાય છે.

  (4) કાચા માલની ઊંચી કિંમતે પ્રાપ્તિ :
- કાચા માલની ઊંચી કિંમતને કારણે પડતર કિંમત વધવાથી ભાવવૃદ્ધિ ઝડપી બને છે.

(5) કાળું નાણું :

➡ કાળું નાણું ધરાવનારા લોકો કાયદા હેઠળ પકડાઈ જવાના ડરથી નાણાંનો સંગ્રહ કરવાને બદલે ઝડપથી ખર્ચ કરે છે અને બિનજરૂરી વસ્તુઓ ખરીદે છે, જે ભાવવૃદ્ધિનું મુખ્ય કારણ છે.

(6) સરકાર દ્વારા ભાવવધારો :

➡ સરકાર દ્વારા પેટ્રોલિયમ પેદાશો, રાસાયણિક ખાતર, કૃષિ પેદાશોના ટેકાના ભાવમાં વધારો ભાવવૃદ્ધિનું કારણ બને છે.

(7) કુદરતી પરિબળો :

➡ કુદરતી આપત્તિઓ તથા યુદ્ધ, તોફાનો, આંદોલનો, હડતાળના કારણે માગ તથા પુરવઠાનું સંતુલન ખોરવાતા ભાવવૃદ્ધિ થાય છે.

(8) દાણચોરી, સંગ્રહખોરી અને કાળાબજાર :

➡ દાણચોરી, સંગ્રહખોરી અને કાળાબજારનાં પરિબળો પુરવઠાને પ્રભાવિત કરે છે, જેથી વસ્તુના પુરવઠા પર દબાણ આવે છે; જે ભાવવૃદ્ધિનું મહત્ત્વનું કારણ છે.

46. મહિલાઓના કલ્યાણ માટે ભારતે કઈ કઈ યોજનાઓ અમલમાં મૂકી છે ?

➡ ભારત સરકારની મહિલા કલ્યાણકારી યોજનાને ક્રમિક રીતે રજૂ કરી શકાય.

➡ ભારત સરકારે ઈ.સ. 1980થી મહિલાઓને એક અલગ લક્ષ્ય જૂથ માનીને મહિલાઓને સમાન દરજ્જો, શિક્ષણ, સલામતી અને મૂળભૂત સ્વતંત્રતાપ્રાપ્તિ થાય તે માટે અનેક યોજનાઓ, કાર્યક્રમો અમલમાં મૂક્યા છે.

➡ ભારત સરકાર દ્વારા 1992માં રાષ્ટ્રીય મહિલા આયોગની રચના કરાઈ.

➡ ભારત સરકારની મહિલા સશક્તિકરણની રાષ્ટ્રીય નીતિ, 2001 મુજબ મહિલા અને બાળવિકાસ વિભાગ દ્વારા સામર્થ્ય નિર્માણ, રોજગાર, આર્થિક ઉપાર્જન, કલ્યાણ તેમજ સહાયક સેવાઓમાં અને જાતીય સંવેદનશીલતાનાં ક્ષેત્રોમાં વિવિધ કામગીરી કરવામાં આવે છે.

➡ કુટુંબની સ્થાવર મિલકતમાં સ્ત્રીઓને પુરુષસમાન હિસ્સો મળે તે માટે કાયદામાં સુધારો કરવામાં આવ્યો છે.

➡ મહિલાઓને સરળતાથી ન્યાય મળે તે માટે દેશમાં નારી અદાલતો સ્થાપવામાં આવી.

➡ મહિલાઓને ન્યાય મળી રહે તે માટે મહિલા કલ્યાણ કેન્દ્રોની રચના કરવામાં આવી છે.

## વિભાગ D

➢ **નીચે આપેલા પ્રશ્નોના માગ્યા મુજબ ઉત્તર આપો : (દરેક પ્રશ્નના ૪ ગુણ)**

47. **"રસાયણશાસ્ત્ર એક પ્રયોગાત્મક વિજ્ઞાન છે." આ વિધાન સમજાવો.**

➡ રસાયણશાસ્ત્ર એક પ્રયોગાત્મક વિજ્ઞાન છે.

➡ રસાયણવિદ્યામાં વિવિધ ખનીજો, છોડ, કૃષિ માટેનાં બીજ, વિવિધ ધાતુઓનું નિર્માણ કે તેમાં પરિવર્તન તથા સ્વાસ્થ્યની દૃષ્ટિએ જરૂરી ઔષધિઓના નિર્માણ સંબંધિત માહિતી અને ઉપયોગી બાબતો છે.

➡ નાલંદા વિદ્યાપીઠના બૌદ્ધ આચાર્ય નાગાર્જુનને 'ભારતીય રસાયણશાસ્ત્રના આચાર્ય' માનવામાં આવે છે. એમણે 'રસરત્નાકર' અને 'આરોગ્યમંજરી' જેવા ગ્રંથો લખ્યા છે.

➡ નાગાર્જુને વનસ્પતિ ઔષધિઓની સાથે સાથે રસાયણ ઔષધો વાપરવાની ભલામણ કરી હતી.

➡ પારાની ભસ્મ કરીને ઔષધ તરીકે વાપરવાનો પ્રયોગ તેમના દ્વારા શરૂ થયો હોય તેમ મનાય છે.

➡ નાલંદા વિદ્યાપીઠમાં રસાયણવિદ્યાના અભ્યાસ અને સંશોધન માટે પોતાની અલગ રસાયણશાખા અને ભઠ્ઠીઓ સ્થાપી હતી.

➡ રસાયણશાસ્ત્રોના ગ્રંથોમાં મુખ્ય રસ, ઉપરસ, દસ પ્રકારનાં વિષ તેમજ વિવિધ પ્રકારના ક્ષારો અને ધાતુઓની ભસ્મનું વર્ણન મળે છે.

➡ રસાયણવિદ્યા ઉત્કૃષ્ટતા દર્શાવતા ઉદાહરણ નીચે મુજબ છે :

1. બિહારમાં સુલતાનગંજ ખાતે બનેલી બુદ્ધની તામ્રમૂર્તિ જે 7.5 ફૂટ ઊંચી, 1 ટન વજન ધરાવે છે.
2. નાલંદામાંથી મળી આવેલી બુદ્ધની તામ્રમૂર્તિ જે 18 ફૂટ ઊંચી છે.
3. ચંદ્રગુપ્ત બીજાએ (વિક્રમાદિત્ય) દિલ્હીમાં બંધાવેલો લોહસ્તંભ કે જે 7 ટન વજન અને 24 ફૂટ ઊંચો છે. જેને હજુ સુધી વરસાદ, ઠંડી અને ગરમીની કોઈ અસર થઈ નથી કે કાટ લાગતો નથી.

➡ આ જ ભારતની રસાયણવિદ્યાની ઉત્કૃષ્ટતા દર્શાવે છે.

48. **પ્રાચીન સમયથી ભારતે વૈદકવિદ્યા અને શૈલ્યચિકિત્સા ક્ષેત્રે અભૂતપૂર્વ સિદ્ધિ પ્રાપ્ત કરી છે. – સમજાવો.**

➡ ભારતે પ્રાચીનકાળથી વૈદકવિદ્યા અને શૈલ્યચિકિત્સા ક્ષેત્રે અભૂતપૂર્વ સિદ્ધિઓ હાંસલ કરી છે.

➡ ભારતીય વૈદકશાસ્ત્રના મહાન પ્રણેતાઓ મહર્ષિ ચરક, મહર્ષિ સુશ્રુત તથા વાગ્ભટ્ટે પોતાનાં સંશોધનોથી વૈદક શાસ્ત્રનાં ઉચ્ચતમ શિખરો સર કર્યાં છે.

➡ મહર્ષિ ચરકે 'ચરકસંહિતા' નામના ગ્રંથમાં 2000 ઉપરાંત વનસ્પતિ ઔષધોનું વર્ણન કરેલું છે.

➡ મહર્ષિ સુશ્રુતે 'સુશ્રુતસંહિતા' નામના ગ્રંથમાં વાઢકાપનાં ધારદાર સાધનોનો ઉલ્લેખ કર્યો છે.

➡ આ સાધનો માથાના વાળને ઊભા બે ભાગમાં ચીરી શકે તેટલાં ધારદાર હતાં.

eLiberty

- વાગ્ભટ્ટે 'વાગ્ભટ્ટસંહિતા' નામનો મહત્ત્વનો ગ્રંથ લખેલો છે.
- પ્રાચીન ભારતીય ઔષધશાસ્ત્રમાં ખનીજ, વનસ્પતિ અને પ્રાણીજ ઔષધોનો વિશાળ સંગ્રહ સમાયેલો છે.
- ભારતીય ઔષધશાસ્ત્રોમાં દવા બનાવવાની ઝીણવટભરી વિધિઓની સાથે દવાઓનું વર્ગીકરણ તથા દવાના ઉપયોગ સંબંધિત સૂચનો આપવામાં આવ્યાં છે.
- વાઢકાપ કરવા માટે પ્યાલા આકારે પાટો બાંધી લોહીનું પરિભ્રમણ અટકાવી પેઢુ, મૂત્રાશય, સારણગાંઠ, મોતિયો, પથરી, હરસનાં ઓપરેશન કરી શકતાં હતાં.
- વૈદકો ભાંગેલા હાડકાંને બંધબેસાડતા તથા શરીરમાં ઘૂસી ગયેલા પદાર્થોને બહાર કાઢવાની તમામ બાબતોમાં નિપુણ હતા. તૂટી કે કપાઈ ગયેલા નાક-કાનની 'પ્લાસ્ટિક સર્જરી' પણ કરી આપતા હતા.
- પ્રસૂતિકાળનાં જોખમી ઓપરેશનો પણ કરતાં તથા બાળ તથા સ્ત્રીરોગના પણ નિષ્ણાત હતા.
- મૃત શરીરના વાઢકાપ કે મીણના પૂતળા દ્વારા વિદ્યાર્થીઓને જ્ઞાન કે સમજ આપતાં.
- વિવિધ રોગોનાં કારણો તેનાં લક્ષણોનું વર્ગીકરણ કરી તેનું નિદાન કરી પાળવાની પરેજીનો ખ્યાલ આપતા હતા.
- પ્રાચીન ભારતમાં પ્રાણી રોગોનાં શાસ્ત્રોનો પણ વિકાસ થયો છે. જેમાં 'હસ્તી આયુર્વેદ' તથા શાલિહોત્રનું 'અશ્વશાસ્ત્ર' ખૂબ જ પ્રખ્યાત છે.
- વૈદકશાસ્ત્રના વિદ્વાન વાગ્ભટ્ટે નિદાનક્ષેત્રે 'અષ્ટાંગહૃદય' જેવો ગ્રંથ લખી મહત્ત્વનો ફાળો આપ્યો હતો.

**49. ભારતમાં કૃષિના પ્રકારો કયા કયા છે તેની વિસ્તૃત સમજ આપો.**

- ભારતના લોકોની આર્થિક, સામાજિક, રાજકીય બાબતો ખેતી સાથે સંકળાયેલ છે.
- સિંચાઈ પદ્ધતિ, ખેતપેદાશો અને આર્થિક વળતર જેવી બાબતોના આધારે કૃષિના મુખ્ય 6 (છ) પ્રકારો પાડવામાં આવે છે :
- (1) જીવનનિર્વાહ ખેતી :
  - જ્યાં ખેડૂતોની આર્થિક સ્થિતિ નબળી છે અને નાનાં કદનાં ખેતરો છે. ઉપરાંત સિંચાઈની સગવડો નથી. ખેડૂતોને મોંઘાં બિયારણો, ખાતર, જંતુનાશકોનો ઉપયોગ પોષાતો નથી.
  - ખેતરમાં જે અન્ન ઉત્પાદન થાય તેનો ઉપયોગ પરિવારના ભરણપોષણ જેટલો જ હોય છે, માટે આવી ખેતીને જીવનનિર્વાહ ખેતી કહે છે.
- (2) સૂકી ખેતી :
  - જ્યાં વરસાદ ઓછો પડે છે, સિંચાઈની સગવડો અપૂરતી છે, ત્યાં મોટે ભાગે વરસાદ આધારિત ખેતી થાય છે.
  - વર્ષમાં જમીનમાં સંગ્રહાયેલા ભેજ આધારિત ખેતી થાય છે, તેને સૂકી ખેતી કહે છે.
  - આવી ખેતીમાં ઓછા પાણીની જરૂર પડે તેવા જુવાર, બાજરી અને કઠોળના પાક લેવાય છે.
- (3) આર્દ્ર ખેતી :
  - જ્યાં વરસાદનું અને સિંચાઈનું પ્રમાણ વધુ છે, તેવા વિસ્તારમાં થતી ખેતીને આર્દ્ર કે ભીની ખેતી કહેવાય છે.
  - વર્ષમાં એકથી વધુ પાક લેવાય છે, જેમાં મુખ્ય પાક ડાંગર, શેરડી, ઘઉં અને શાકભાજી થાય છે.
- (4) સ્થળાંતરિત ખેતી અને ઝૂમ પદ્ધતિની ખેતી :
  - જંગલનાં વૃક્ષોને કાપી કે સળગાવીને ખેતી માટે જમીન મેળવવામાં આવે છે અને ત્યાં બે-ત્રણ વર્ષ ખેતી કરવામાં આવે છે.
  - જમીનની ફળદ્રુપતા ઘટતા બીજા વિસ્તારમાં ફરી એ જ પ્રકારે ખેતી થાય છે, જેને સ્થળાંતરિત કે ઝૂમ ખેતી કહેવાય છે.
  - આવી ખેતીમાં શાકભાજી કે ધાન્ય પાક લેવાય છે.
- (5) બાગાયતી ખેતી :
  - જ્યાં ખેતીના પાકોની આયોજનપૂર્વક માવજત થાય છે.
  - જેમાં વધુ મૂડીરોકાણ, કુશળતા, તક્નિકી જ્ઞાન, યંત્રો, ખાતર, સિંચાઈ, પરીક્ષણ, સંગ્રહણ અને પરિવહનની પર્યાપ્ત સુવિધા હોવી જરૂરી છે.
  - મુખ્યત્વે રબર, ચા, કોફી, કોકો, સફરજન, દ્રાક્ષ, આંબળાં, લીંબુ, ખારેક જેવા પાકોની બાગાયતી ખેતી થાય છે.
- (6) સઘન ખેતી :
  - જ્યાં વધુ વરસાદ અને સિંચાઈની સુવિધાઓ તેમજ યંત્રોના ઉપયોગથી ખેતીમાં યાંત્રિકીકરણ થયું છે. આવી ખેતીને સઘન ખેતી કહે છે.

**50. ભારતમાં કૃષિક્ષેત્રે થયેલા ટેક્નિકલ્ સુધારાઓ વર્ણવો.**

- (1) યાંત્રિકીકરણ : કૃષિક્ષેત્રે દાતરડું, હળ, ગાડું જેવાં ટાંચાં અને સાદાં સાધનોના સ્થાને આધુનિક ઉપકરણો જેવાં કે ટ્રેક્ટર, ટ્રેલર્સ, રોટાવેટર ઉપરાંત લણણી કે કાપણી માટેનાં થ્રેસર, હાર્વેસ્ટર જેવાં આધુનિક ઉપકરણો વપરાવાથી ખેતી સરળ બની છે.
- (2) સિંચાઈ : ખેડૂતો પહેલાં કોસ, રહેંટના સ્થાને સબમર્સિબલ કે મોનોબ્લોક પંપ, સોલર પંપ, તથા ટપક કે ફુવારા સિંચાઈ પદ્ધતિનો ઉપયોગ વધતો ગયો છે.
- (3) રાસાયણિક ખાતરો : કૃષિક્ષેત્રે વર્તમાન સમયમાં D.A.P., N.P.K. અને યૂરિયા તેમજ જૈવિક ખાતરો, પ્રવાહી જૈવિક ખાતરનો ઉત્તરોત્તર ઉપયોગ વધતા કૃષિ-ઉત્પાદનમાં વધારો થયો છે.
- (4) હાઇબ્રીડ બિયારણો : કૃષિક્ષેત્રે નવાં નવાં સંસાધનો થકી બિયારણની નવી નવી જાતો વિકસાવવામાં આવી છે. જેમાં બીટી બિયારણ મુખ્ય છે.
- (5) ગ્રામસેવકો : ખેડૂતોને ખેતીલક્ષી માહિતી અને માર્ગદર્શન અથવા કે કૃષિ સંશોધનોથી ખેડૂતોને માહિતીગાર કરવા ગ્રામસેવકોની દરેક ગામડાંમાં નિયુક્તિ

Liberty

થઈ છે.

- (6) તાલીમકેન્દ્રો : દરેક જિલ્લામથકે અત્યાધુનિક ખેત-પદ્ધતિથી ખેડૂતોને પ્રશિક્ષિત કરવા માટે ખેડૂત તાલીમકેન્દ્રો સ્થપાયાં છે તથા કૃષિમેળાઓ દ્વારા ખેડૂતોને અદ્યતન સાધન-સામગ્રી ઉપરાંત માહિતી-માર્ગદર્શન અપાય છે.
- (7) કૃષિ યુનિવર્સિટીઓ : ભારતના દરેક રાજ્યમાં કુશળ કૃષિવિદ્ અને નવાં-નવાં સંશોધન અર્થે કૃષિ યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવી છે. જેમ કે ગુજરાતમાં દાંતીવાડા, જૂનાગઢ, આણંદ અને નવસારી ખાતે કૃષિ યુનિવર્સિટી સ્થપાયેલી છે.
- (8) સંશોધક સંસ્થા : ભારતમાં કૃષિક્ષેત્રે સંશોધન કરતી સંસ્થાઓ પણ સ્થપાઈ છે. જેવી કે,
  - ICAR – ઇન્ડિયન કાઉન્સિલ ઓફ એગ્રિકલ્ચર રિસર્ચ
  - DARE – ડિપાર્ટમેન્ટ ઓફ એગ્રિકલ્ચર રિસર્ચ એન્ડ એજ્યુકેશન
- (9) પ્રચાર અને પ્રસાર : સરકાર દ્વારા ખેડૂતોને રેડિયો, ટીવી, વર્તમાનપત્રો, DD કિસાન ચેનલ, મોબાઇલ પર SMS, ટોલ ફ્રી નંબર 18001801551, ખેડૂત વેબપોર્ટલ i-ખેડૂત, મોબાઇલ એપ દ્વારા સતત માહિતી, નવી તક્નિકો અને માર્ગદર્શન ઉપરાંત હવામાન સંદર્ભે જાણકારી પૂરી પાડવામાં આવે છે.

51. ગરીબી નિવારણ માટે સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલ કોઈપણ પાંચ યોજનાના નામ લખી નીચે આપેલ યોજનાની સમજ આપો.
(1) મા અન્નપર્ણા યોજના (2) સેન્દ્રિય ખેતીને પ્રોત્સાહન

- સરકાર દ્વારા ગરીબી નિર્મૂલન કરવાના ઉપાયોને વ્યૂહાત્મક રીતે સફળ બનાવવા માટે ગરીબીરેખા નીચે જીવતાં શહેરી અને ગ્રામ્ય વિસ્તારના લોકોને સીધી અસર થાય તે રીતે વિવિધ કલ્યાણકારી યોજનાઓનો સીધો જ આર્થિક લાભ ગરીબ વર્ગોને મળે તેવા હેતુથી તથા રોજગારીની તકો પૂરી પાડીને આવક-વૃદ્ધિ દ્વારા ગરીબી નિવારણના કાર્યક્રમોને અમલમાં મૂકવામાં આવ્યા છે.
- ગરીબી ઘટાડવાના મુખ્ય સરકારી ઉપાયો, કાર્યક્રમો અને યોજનાઓ નીચે મુજબ છે :

  (1) 'મા-અન્નપૂર્ણા' યોજના :
- અંત્યોદય કે ગ્રામીણ કે શહેરી ગરીબ કુટુંબોને કુટુંબદીઠ પ્રતિમાસ 35 કિગ્રા અનાજ મફતમાં વિતરણ કરવામાં આવે છે. ઘઉં ₹ 2 પ્રતિકિલો અને ચોખા ₹ 3 પ્રતિકિલો આપવામાં આવે છે.

  (2) સેન્દ્રિય ખેતીને પ્રોત્સાહન :
- ખેડૂતોને તાલીમ-શિક્ષણની વ્યવસ્થા, ખેતસામગ્રીની ખરીદીમાં સહાય, ઓછા વ્યાજે ધિરાણ તથા પર્યાવરણની જાળવણી અને ખેતીખર્ચમાં ઘટાડો થાય એ આ યોજનાનો હેતુ છે.

52. બેરોજગારીનાં મુખ્ય સ્વરૂપોની ચર્ચા કરો.

➥ ભારતીય અર્થતંત્રમાં બેરોજગારીના મુખ્ય પ્રકાર નીચે મુજબ છે :

(1) ઋતુગત બેરોજગારી :

➥ ભારતમાં વ્યક્તિને વર્ષ દરમિયાન અમુક ઋતુમાં કામધંધો મળે જ્યારે અમુક ઋતુમાં બેકાર બનવું પડે તો તેને મોસમી કે ઋતુગત બેરોજગારી કહે છે. જેમ કે –

➥ ભારતમાં કૃષિક્ષેત્રે વરસાદની અનિયમિતતા તથા સિંચાઈની અપૂરતી સગવડોને કારણે ખેડૂતો ઉનાળાની ઋતુમાં મોટે ભાગે બેકાર બને છે તથા આવા સમયગાળામાં વૈકલ્પિક રોજગારી પણ મળતી નથી.

(2) ઘર્ષણજન્ય બેરોજગારી :

➥ બજારમાં નવી ટેક્નોલોજી અને જૂની ટેક્નોલોજીના ઘર્ષણમાંથી ઉદ્‌ભવતી બેરોજગારી ઘર્ષણજન્ય બેરોજગારી કહેવાય છે. જેમ કે, નવી ટેક્નોલોજી આવતા જૂની ટેક્નોલોજીના કારીગરોએ બેકાર બનવું પડે તો તેને ઘર્ષણજન્ય બેરોજગારી કહે છે.

(3) માળખાગત બેરોજગારી :

➥ ભારતીય અર્થતંત્ર પછાત અને રૂઢિચુસ્ત છે. સામાજિક પછાતપણું, પરંપરાગત રૂઢિઓ-રિવાજો, નિરક્ષરતા તેમજ માળખાગત સુવિધાઓને અભાવે બેરોજગાર બનવું પડે છે. જેને માળખાગત બેરોજગારી કહેવાય છે.

(4) પ્રચ્છન્ન કે છૂપી બેરોજગારી :

➥ જ્યારે કોઈ કામધંધા કે વ્યાવસાયિક પ્રવૃત્તિમાં જરૂર કરતાં વધુ શ્રમિકો રોકાયેલા હોય, તો વધારાના શ્રમિકોને ઉત્પાદન- કાર્યમાંથી ખસેડી લેવાથી કુલ ઉત્પાદનમાં કોઈ ફેર પડતો નથી, તો આવા વધારાના શ્રમિક પ્રચ્છન્ન કે છૂપી રીતે બેરોજગાર કહેવાય છે, જે ભારતીય કૃષિક્ષેત્રે જોવા મળે છે.

(5) ઔદ્યોગિક બેરોજગારી :

➥ ઔદ્યોગિક ક્ષેત્રે આવતા ફેરફારને લીધે વ્યક્તિ લાંબા કે ટૂંકા ગાળા માટે બેરોજગાર બને તો તેને ઔદ્યોગિક બેરોજગારી કહે છે. જેમ કે, પાવરકાપને લીધે અમુક દિવસ કંપની-કારખાનાં બંધ રહે અને કામદારે બેરોજગાર બનવું પડે છે.

(6) શિક્ષિત બેરોજગાર :

➥ વ્યક્તિ ઓછામાં ઓછું ધોરણ 10 પાસ હોય એટલે કે માધ્યમિક સુધી શિક્ષણ પ્રાપ્ત કરેલું હોય છતાં વ્યક્તિ બેરોજગાર હોય તો તેને શિક્ષિત બેરોજગાર કહેવાય છે.

53. બંધારણમાં આપેલ બાળ અધિકારો જણાવો.

➥ સંયુક્ત રાષ્ટ્રોએ ઈ.સ. 1992માં તેમના 'અધિકારોના ઘોષણપત્રમાં'માં (ચાર્ટ્ર ઓફ રાઇટ્સ) બાળકોનાં કલ્યાણ અને વિકાસાર્થે બાળ અધિકારો જાહેર કર્યા હતા. આ બાળ અધિકારોને આપણા બંધારણમાં સ્થાન આપી તેને વ્યવહારમાં ચરિતાર્થ કરવા પ્રયત્નો કર્યા છે, જે નીચે મુજબ છે :

1. જાતિ, રંગ, ભાષા, ધર્મ, લિંગ કે રાષ્ટ્રીયતાના કોઈ પણ ભેદભાવ વિના પ્રત્યેક બાળકને જીવન જીવવાનો જન્મજાત અધિકાર છે.
2. માતા-પિતા દ્વારા બાળકોનું યોગ્ય રીતે પાલનપોષણ થવું જોઈએ તથા ખાસ કારણ વિના બાળકને તેના માતા-પિતાથી અલગ કરી શકાય નહિ.
3. પોતાના વ્યક્તિત્વના વિકાસ માટે બાળકને શિક્ષણ મેળવવાનો કાનૂની અધિકાર છે.
4. બાળકને વયકક્ષાને અનુરૂપ રમત-ગમત અને મનોરંજન પ્રવૃત્તિઓમાં ભાગ લઈ તંદુરસ્ત, સ્વસ્થ અને આનંદી જીવન જીવવાનો અધિકાર છે.
5. દરેક બાળકને તેના અંતઃકરણ મુજબ ધર્મ પાળવાનો અને સમુદાયમાં રહેવાનો તથા પોતાની સંસ્કૃતિ જાળવવાનો અધિકાર છે.
6. દરેક બાળકને કોઈ પણ પ્રકારના શારીરિક અને માનસિક શોષણ કે અત્યાચાર સામે નશીલી દવાઓના ઉપયોગ સામે શિક્ષા કે દંડ સામે રક્ષણ અને સલામતી મેળવવાનો અધિકાર છે.
7. દરેક બાળકને સામાજિક સુરક્ષા દ્વારા સામાજિક વિકાસ સાધીને તંદુરસ્ત જીવનધોરણ પ્રાપ્ત કરવાનો અધિકાર છે.